ગાંધીનગરનું ગૌરવ ઈન્દોરમાં ઝળક્યું

તાજેતરમાં ઈન્દોર, મધ્ય પ્રદેશ ખાતે આરસેક એશિયા સર્ટિફાઇડ કોચનો સેમિનાર યોજાયો હતો, જેમાં ગાંધીનગરના ભાર્ગવ આયર અને રીતેશ વાદીએ ભાગ લીધો હતો અને સફળતાપૂર્વક આ સેમિનાર પૂર્ણ કર્યો હતો. આ સેમિનારમાં વિભિન્ન રાજ્યોના સ્કેટિંગ કોચે ભાગ લીધો હતો. નગરના ખેલ જગત તરફથી બંને કોચ પ્રતિ અભિનંદનનો પ્રવાહ વહી રહ્યો છે.

કેએસવી વુમન ડેવલપમેન્ટ સેલ - અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા

અધ્યાપકો-વિદ્યાર્થીઓ માટે વિશેષ સેમિનાર

કડી સર્વ વિશ્વવિદ્યાલયના વુમન ડેવલપમેન્ટ સેલ અંતર્ગત અશ્વિનભાઈ એ પટેલ કૉમર્સ કૉલેજ દ્વારા ૧૨૦ અધ્યાપકો અને ૮૦ વિદ્યાર્થીઓ માટે એક વિશેષ સેમિનારનું આયોજન બ્રહ્માણી કૃપા હૉલ ખાતે કરવામાં આવ્યું હતું. પ્રથમ સેશનમાં આમ્રપાલિ વ્યાસ દ્વારા ઈમોશનલ કોશન વિષયે વિસ્તૃત છણાવટ કરવામાં આવી હતી. ત્યારબાદ ડૉ. મનીષ રાવલ દ્વારા 'લવ યૉરસેલ્ફ' વિષયે વક્તવ્ય આપવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન ડૉ. નીના ગણેશન દ્વારા આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન તળે કરવામાં આવ્યું હતું.

જન્મદિને વધામણી

ગિરીશ ઠક્કર
મો. ૯૮૯૮૫ ૯૫૫૦૭

પ્રમોદકુમાર પટેલ
મો. ૯૪૨૮૩ ૫૧૫૪૬

વિશેષ સચિન ભટ્ટ



હર્ષ પરમાર
મો. ૮૩૪૭૪ ૮૨૨૨૨

કલા ગુર્જરી દ્વારા ગીત-સંગીતનો યાદગાર કાર્યક્રમ યોજાયો

'ગમ્યું તે ગીત' પ્રેક્ષકોને ખૂબ ગમ્યું

શ્યામલ - સૌમિલ - આરતી મુનશીએ તેમના કસાયેલા કંઠે ગમતીલાં ગીત-ગઝલો રજૂ કરી કલાપ્રેમીઓની રવિવારની રાતને રઢિયાળી રાત બનાવી

ગાંધીનગર, તા. ૨૦

કલા ગુર્જરી, ગાંધીનગરના ઉપક્રમે આયોજિત "ગમ્યું તે ગીત" કાર્યક્રમ અંતર્ગત શ્યામલ - સૌમિલ - આરતી મુનશીએ તેમના કસાયેલા કંઠે ગમતીલાં ગીત-ગઝલો રજૂ કરી કલાપ્રેમીઓની રવિવારની રાતને રઢિયાળી રાત બનાવી દીધી હતી.

ગમી ગયેલાં અને ગમી જાય તેવાં ગીત-ગઝલોના યાદગાર ગુલદસ્તા સાથે હળવાશભરેલા પ્રસંગોની વાતો કહીને કલાકારોએ પ્રેક્ષકોને કાર્યક્રમ સાથે સજ્જડ રીતે જકડી રાખ્યા હતા. ઉલ્લેખનીય વાત એ હતી કે આ હળવાશભરી વાતોમાંથી 'વાહ' બોલી જવાય તેવી ફિલોસૉફી પણ પ્રેક્ષકોને માણવા મળી હતી.

- દરેકે પોતાના સંબંધની અગાશી પોતે જ શોધવી પડે.
- સંબંધ તો ૯ના ઘડીયા જેવો બાંધવો, ૯ સાથે કંઈ ઓછું ન થાય.
- આપણાં જીવનનાં વિતેલાં વર્ષોના દરેક વિષયો ઈતિહાસ થઈ ગયા હોય છે.
- આ પવન અને પતંગ પ્રેમીઓને એ જ સમજાવે કે, બંને એકબીજાને માફક આવે તો જ આકાશમાં ઉડી શકાય છે.

"ગમ્યું તે ગીત" કાર્યક્રમ ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમીના સહયોગથી યોજાયો હતો. આ કાર્યક્રમમાં ગાયકોને તબલાંની સંગત રિશિન સરૈયાએ, ઓક્ટોપેડના સૂર જગદીપભાઈ મહેતાએ, મંજીરાની મોજ દિપેશભાઈએ, ગીટારની ગૂંજ અચેશભાઈએ, વાંસળીની મધુરતા શ્રેયસ દવેએ અને કી-બોર્ડનો સંગાથ પંકજભાઈ પાઠકે પૂરો પાડ્યો હતો.

શહેરનું ગૌરવ કેરાલામાં ઝળક્યું હેમા સાગરે બે મેડલ પ્રાપ્ત કર્યા



ગાંધીનગર, તા. ૨૦

આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત ગાંધીનગરનાં ગરવાં ખેલાડી હેમા સાગરે પોતાના સિદ્ધિગુચ્છમાં નવું પુષ્પ ઉમેર્યું છે.

તાજેતરમાં કોઝીકોડ, કેરાલા ખાતે યોજાયેલી નેશનલ ગેમ્સ અંતર્ગત હેમર થ્રોની રમતમાં ગોલ્ડ મેડલ અને શોટ પુટમાં બ્રોન્ઝ મેડલ તેમણે પોતાને નામ કર્યો હતો.

અત્રે એ બાબત ઉલ્લેખનીય છે કે જાન્યુઆરી, ૨૦૧૮થી ૨૦૨૦ના બે વર્ષના સમયગાળા દરમિયાન હેમા સાગરે રાષ્ટ્ર અને આંતરરાષ્ટ્રીય કક્ષાએ ૩૦ જેટલા મેડલ જીતીને ગાંધીનગર અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

એમ બી પટેલ સ્કૂલનો શાનદાર વાર્ષિકોત્સવ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગરના આર્થિક સહયોગથી જન જાગૃતિ કેળવણી મંડળ દ્વારા દેશભશક્તિ ગીત સંગીતનો રંગારંગ કાર્યક્રમ ચડાસણા ગામે યોજાઈ ગયો.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે એન.સી.સી.ના મેજર સી. કે. મેવાડા અને ડો. મુક્તિ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. મંડળના પ્રમુખ ડો. એચ. કે. સોલંકીએ દેશ ભક્તિ ગીત રજૂ કરીને કાર્યક્રમનો શુભારંભ કરાવ્યો હતો. ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી ગાંધીનગર તરફથી યુવા કલાકારોને ટ્રોફી આપીને સન્માન કરવામાં આવ્યું હતું. ગ્રામ પંચાયતના સરપંચ રાણાજી ઠાકોર અને અખસીન વાઘેલાએ હાજર રહી કલાકારોને પ્રોત્સાહિત કર્યા હતા. કલાકારોએ દેશભશક્તિ ગીતો, ડાન્સ અને મિમિક્રી દ્વારા સમગ્ર વાતાવરણને રાષ્ટ્રભક્તિના રંગે રંગી દીધું હતું. યુવા કલાકારોને પ્રોત્સાહન મળે તેવા શુભ આશયથી ટ્રોફી આપીને તેમનું સન્માન કરવામાં આવ્યું હતું. ગ્રામમજનોએ મોટી સંખ્યામાં હાજર રહી કલાકારોને બિરદાવ્યા હતા.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત એમ બી પટેલ ઈંગ્લિશ મીડિયમ સેકન્ડરી એન્ડ હાયર સેકન્ડરી સ્કૂલનો વાર્ષિકોત્સવ અને ઈનામ વિતરણ સમારોહ તાજેતરમાં ખીમજી વિશરામ હૉલ ખાતે યોજવામાં આવ્યો હતો.

ઉપસ્થિત સૌ અતિથિએ શાળા દ્વારા વર્ષ દરમિયાન કરવામાં આવેલી શૈક્ષણિક અને ઈતર પ્રવૃત્તિઓને બિરદાવી હતી. શાળા દ્વારા વિવિધ ક્ષેત્રમાં અવ્વલ રહેલા વિદ્યાર્થીઓને મોટી રકમનાં ઈનામો આપીને સન્માનવામાં આવ્યા હતા.

ધોરણ-૯થી ૧૨ના વિદ્યાર્થીઓને ક્લાસ ટૉપર મેરિટ સ્કૉલરશીપ અંતર્ગત રૂા. ૧૯૨૮૦, ૧૦ વિદ્યાર્થીઓને ડિવિઝન ટૉપર રહેવા બદલ રોકડ રકમ, ૬૭ વિદ્યાર્થીઓને રાજ્યકક્ષાના રમત કાર્યક્રમોમાં ભાગ લેવા બદલ ટ્રેક શૂટ, ૧૦૦ ટકા હાજરી માટે ૩૮ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ, ઈતર પ્રવૃત્તિઓ માટે ૬ વિદ્યાર્થીઓને ગોલ્ડ મેડલ અને રાષ્ટ્રકક્ષાના કાર્યક્રમોમાં ભાગ લેવા બદલ ૧૭ વિદ્યાર્થીઓને રૂા. ૪૦ હજારનાં ઈનામો એનાયત કરવામાં આવ્યાં હતાં.

શાળાનાં શિક્ષક સાધના ક્ષત્રિયના દુખદ અવસાનને યાદ કરી તેમની સદ્‌ગતિ અર્થે બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું અને સમૂહ પ્રાર્થનાનું ગાન પણ કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમના આરંભે શાળાની પ્રવૃત્તિઓનો અહેવાલ, સ્વાગત પ્રવચન આચાર્ય અર્પિત ક્રિશ્ચિયન દ્વારા આપવામાં આવ્યું હતું. ત્યારબાદ વિદ્યાર્થીઓ દ્વારા પ્રસ્તુત સાંસ્કૃતિક કાર્યક્રમમાં જીવનના નવ રસની છણાવટ એ મુખ્ય વિશેષતા રહી હતી.

આ પ્રસંગે અતિથિ તરીકે મંડળના પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ, નિવૃત્ત સનદી અધિકારી લલિતચંદ્ર પાડલીયા ઉપરાંત શાળાનાં પૂર્વ વિદ્યાર્થિની અને હાલ રેડિયો જૉકી તરીકે ફરજરત ધૃવિ ત્રિવેદી ઉપસ્થિત રહ્યાં હતાં.

નેહરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આયોજિત અને ભારત સરકારના ગૃહ મંત્રાલય પુરસ્કૃત

૧૨મો ટ્રાઈબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ સફળતાપૂર્વક સંપન્ન

ગાંધીનગર, તા. ૨૦

નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા આયોજિત અને ભારત સરકારના ગૃહ મંત્રાલય પુરસ્કૃત ૧૨મો ટ્રાઈબલ યુથ એક્સચેન્જ પ્રોગ્રામ ઉત્સાહપૂર્ણ વાતાવરણમાં સંપન્ન થયો હતો.

આ કેમ્પમાં ગઢચિરોલી-મહારાષ્ટ્ર અને ગયા, લખીસરાઈ, જમુઈ-બિહારના નકસલવાદ પ્રભાવિત જિલ્લાના ૨૨૦ જેટલા વિદ્યાર્થી, યુવા કાર્યકરો સીઆરપી, એસએસબીના એસ્કોર્ટ સાથે જોડાયા હતા. અંબાજી મંદિર ધર્મશાળા, ગિયોડ ખાતે આ કેમ્પ યોજવામાં આવ્યો હતો.

વિવિધ કાર્યક્રમોની શૃંખલા અંતર્ગત કેમ્પમાં સમાવિષ્ટ યુવાઓએ વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોને સાંભળવાની તક મેળવી હતી તથા ગાંધીનગર અને અમદાવાદના જોવાલાયક સ્થળોની મુલાકાત લેવાનો આનંદ માણ્યો હતો. આ યુવાઓને રાજ્યપાલ સાથે મુલાકાતની અમોલી તક પણ પ્રાપ્ત થઈ હતી.

કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ હતો યુવાઓને નવીન પ્રેરણાદાયી વાતાવરણ મળે અને નવીન રચનાત્મક વિચારો પ્રાપ્ત થાય; યુવાઓમાં રાષ્ટ્રપ્રેમની ભાવના વધે અને રાષ્ટ્રનિર્માણમાં તેઓ પોતાનું યોગદાન આપે. આ ઉદ્દેશને પરિપૂર્ણ કરવામાં કેમ્પ ઉપયોગી સાબિત થયો છે, એવો પ્રતિભાવ કેમ્પનો લાભ લેનારા યુવાઓએ આપ્યો હતો.

કેમ્પ અંતર્ગત 'રાષ્ટ્ર ઘડતરમાં યુવાઓની સહભાગીતા' તથા 'નકસલવાદ અને વિકાસ' વિષયે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેના નિર્ણાયક તરીકે સ્વામી આનંદ, કશ્યપ નિમાવત અને કુંતલ નિમાવત દ્વારા પોતાની સેવાઓ આપવામાં આવી હતી.

કેમ્પના અંત ભાગમાં યુવાઓએ પોતાના વિસ્તારની સાંસ્કૃતિક કૃતિઓ રજૂ કરીને કાર્યક્રમને ચાર ચાંદ લગાવી દીધા હતા. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ મંત્રાલય તરફથી સનદી અધિકારી રામકૃષ્ણ સ્વર્ણકાર, ગીર ફાઉન્ડેશનના ડિરેક્ટર જનરલ આઈએફએસ આર ડી કેલોજ, બાળહક્ક સંરક્ષણ આયોગના સચિવ પંકજ ઠાકોર, યુવા દિશા કેન્દ્રના અધ્યક્ષ સંજીવ મહેતા, નેહરુ યુવા કેન્દ્ર સંગઠનનાં અધિકારી મનીષા ધાર, વેદશ્યામ શર્મા, નોટરી હસમુખ ચૌધરી, ઋત્વી પટેલ, યુવા સંયોજક રજનીકાન્ત સુથાર અને ગાંધીનગર મહાનગર પાલિકાના નગરસેવક ધીરુભાઈ ડોડિયા ઉપસ્થિત રહ્યા હતા. પૂર્ણાહુતિ સમારોહમાં કેમ્પમાં ભાગ લેનારા સૌ યુવાઓને પ્રમાણપત્રો અને સ્મૃતિભેટ એનાયત કરવામાં આવી હતી.

કેમ્પ તથા પૂર્ણાહુતિ કાર્યક્રમનું સંચાલન કશ્યપ નિમાવત દ્વારા અને આભાર દર્શન મનીષાબેન દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા ભાનુભાઈ શાહ, બિપીન જોષી, હસમુખ ચૌધરી તથા સ્વયંસેવક હાર્દિક, જયપાલ, વિજય, વિવેક, કનુસિંહ અને રમેશે ભારે જહેમત ઉઠાવી હતી.